Centre of Excellence અંતર્ગત હાઈ લેવલ કમિટીની
પુનઃ રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૧૩/૬૩૧(પા.ફા.-૧)/સ
તા.૦૫-૧૧-૨૦૨૪

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગના તા.૧૩/03/૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ /એસએચ/૧૪ /૨૦૨૦/૫વસ/૧૦૨૦૧૩/૬૩૧/સ.
(૨) કમિશ્નરશ્રી ટેકનીકલ શિક્ષણની કચેરીનો તા.૧૨/૦૯/૨૦૨૨ ના પત્ર ક્રમાંક:-ડીટીઈ/ એકે/HCL-CoE/Proposal/ક(૨)/૨૦૨૦/૭૭૬૧.
(3) કમિશ્નરશ્રી ટેકનીકલ શિક્ષણની કચેરીનો તા.૧૭/૦૮/૨૦૨3 ના પત્ર ક્રમાંક:-સીટીઈ/ એકે/HCL-CoE/Proposal/ઈ-ફાઈલ નં.૨૨૪/૨૦૨3/ક(૨)/૪૯૨3.

ઠરાવ:-

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના તા.૧3/03/૨૦૨૦ ના જાહેરનામાંથી The Gujarat Professional Technical Education Colleges or Institutions (Procedure for Declaration of Centre of Excellence) Rules, 2020 બનાવવામાં આવેલ છે. આ નિયમોના નિયમ-3 હેઠળ ઉચ્ચ કક્ષાની સમિતિ (High Level Committee) ની રચના કરવાની થાય છે. વંચાણે લીધેલ ક્રમ-(૨) અને (૩) પરના પત્રોથી કમિશ્નરશ્રી ટેકનીકલ શિક્ષણની કચેરી દ્વારા સદરહુ ઉચ્ચ કક્ષાની સમિતિ (High Level Committee) ની રચના કરવા દરખાસ્ત કરેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે, રાજ્ય સરકાર દ્વારા નીચે દર્શાવેલ સભ્યોને ઉચ્ચ કક્ષાની સમિતિ (High Level Committee)માં નોમિનેટ કરવામાં આવે છે અને સમિતિની પુનઃ રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | નામ | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧. | ડૉ. રજત મુના, ડાયરેક્ટર, આંઈ.આઈ.ટી., ગાંધીનગર | અધ્યક્ષ |
| ૨. | ડૉ. રાજુલ ગજ્જર, વાઈસ ચાન્સેલરશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી, અમદાવાદ. | સભ્ય |
| 3. | શ્રી ધનરાજ નથવાણી, ગ્રુપ પ્રેસીડેન્ટ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લી., | સભ્ય |

ઉક્ત સમિતિના સભ્યો માટે The Gujarat Professional Technical Education Colleges or Institutions (Procedure for Declaration of Centre of Excellence) Rules, 2020 ના નિયમ – ૫ મુજબની શરતો બંધનકર્તા રહેશે તેમજ સદરહુ નિયમોના નિયમ-૩(૩) મુજબ માનદ વેતન અને અન્ય સુવિધાઓ નિયમો સાથેના Appendix – II માં દર્શાવ્યા પ્રમાણે મળવાપાત્ર થશે. સદરહુ સમિતિનું કાર્યક્ષેત્ર સદરહુ નિયમોના નિયમ -૪ ની જોગવાઈ મુજબનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે.ટી.બાંધણીયા)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા).
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧. સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (ઉચ્ચ અને ટેક્નીકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧. સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (ઉચ્ચ અને ટેક્નીકલ શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી ટેકનિકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, હાઈ લેવલ કમિટિ ફોર સેન્ટર ઓફ એકસલન્સ, રૂમ નં.૧૨૬, બીજો માળ, એસીપીસી બિલ્ડીગ, એલ.ડી.એન્જી. કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ – ૧૫ (સમિતિના તમામ સભ્યો તથા અન્ય સંબંધિતોને આપની કક્ષાએથી જાણ કરવા વિનંતી સહ)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ./ શાખા સિલેકટ ફાઇલ.